ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2309/04/2024** **તા.08-04-2024**

# પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા પંચમહાલ જીલ્લાનુ બૂથ પ્રમુખ સંમેલન બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર, ગોધરા ખાતે યોજાયું

----

## લોકસભાની ચૂંટણીમા બૂથ પ્રમુખોને આપેલ જવાબદારી પુરી કરશે તો ચોક્કસ પણે પાંચ લાખની લીડ સાથે ભાજપના ઉમેદવારનો વિજય થશે. – શ્રી સી.આર.પાટીલ

----

## આપણે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના છે તેમા કોઇ કચાસ ન રહે. – શ્રી સી.આર.પાટીલ

----

## લોકસભાના ઉમેદવાર તરીકે મારી પસંદગી કરવા બદલ રાષ્ટ્રીય ,પ્રદેશ અને જીલ્લાના નેતૃત્વનો આભાર વ્યક્ત કરુ છું – શ્રી રાજપાલસિંહ જાદવ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા પંચમહાલ જીલ્લાનુ બૂથ પ્રમુખ સંમેલન બી.એ.પીએસ સ્વામિનારાયણ મંદિર, ગોધરા ખાતે યોજાયું.આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખશ્રી અશ્વિનભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, વિધાનસભાની ચૂંટણીમા આપણે 182 બેઠકોનો લક્ષ્ય રાખ્યુ હતું પરંતુ આપણે 156 બેઠકો મળી થોડી કચાસ રહી ગઇ. લોકસભાની ચૂંટણીમા બૂથ પ્રમુખોને આપેલ જવાબદારી પુરી કરશે તો ચોક્કસ પણે

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પાંચ લાખની લીડ સાથે ભાજપના ઉમેદવારનો વિજય થશે. મોદી સાહેબ અને ભાજપની વિશિષ્ટતા છે કે જે કાર્યકર્તાએ ટીકિટ અંગે વિચાર ન કર્યો હોય તે કાર્યકર્તાને લોકસભાના ઉમેદવાર બનાવે છે. બૂથ પ્રમુખ જે પણ કામ સોપે તે દરેક કાર્યકર્તાએ કરવુ પડે. પેજ કમિટિના સભ્યોનુ મતદાન થાય તે ખૂબ જરૂરી છે. બૂથ પ્રમુખોએ પેજ કમિટિના સભ્યોને મળવુ,વડિલોને વંદના કરવી,દિવ્યાંગ ભાઇ-બહેનોને મળવુ અને અંતમા સરકારની યોજનાના લાભાર્થીઓને મળવા સહિતના કામો અંગે વિસ્તૃત માહિતી આપી. દરેક બૂથ 300 થી વધુ લીડ સાથે જીતે તે અંગે પ્રયાસ કરજો. આપણે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના છે તેમા કોઇ કચાસ ન રહે તે માટે સૌ સાથે મળી પ્રયાસ કરીએ.

આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા ,રાજ્ય સભાના સાંસદશ્રી નરહરિભાઈ અમીન , સાંસદશ્રી રતનસિંહ રાઠોડ ,લોકસભાના ઉમેદવારશ્રી રાજપાલસિંહ જાદવ, પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અશ્વિનભાઇ પટેલ ,ધારાસભ્યશ્રીઓ શ્રી સી.કે રાઉલજી, શ્રીમતી નિમીષાબેન સુથાર ,શ્રી ફતેસિંહ ચૌહાણ , શ્રી યોગેન્દ્રસિંહ પરમાર ,જીલ્લા મહામંત્રીશ્રીઓ,પદાધિકારીશ્રીઓ તેમજ પૂર્વ સાંસદશ્રીઓ ,પૂર્વ ધારાસભ્યશ્રીઓ સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)